ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



માનુષ જિતેન્દ્ર ચુડાસમા
મો. ૯૯૭૯૭ ૬૯૯૫૦



મધુબેન દિનેશભાઈ પરમાર
મો. ૮૧૪૦૪ ૬૫૨૬૬



ઋત્વા રાવ



જશોદાબેન વિ પ્રજાપતિ
મો. ૯૮૭૯૯ ૧૪૬૧૧



મેઘના શુક્લ
મો. ૯૪૨૭૩ ૦૦૪૧૯



આશાબેન પટેલિયા
મો. ૯૭૨૬૩ ૮૩૫૨૯



અંકિતભાઈ વરસનભાઈ રાઠવા
મો. ૯૯૧૩૦ ૪૫૮૨૮



વીર મનોજકુમાર રેવર
મો. ૯૭૨૩૯ ૭૫૫૯૫




પીહુ ઉમેશકુમાર પાચોડે
મો. ૯૪૨૭૭ ૯૨૩૩૭

### અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની

# ફ્રેશર્સ પાર્ટીમાં ફ્રેશ ટેલેન્ટ ઝળક્યું













કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા શેઠ શ્રી ખીમજી વિશ્રામ હૉલ ખાતે સવારે ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રથમ વર્ષ બીકૉમના ૨૦ વિદ્યાર્થીઓએ ડાન્સ, સિંગિંગ, રંગોળી, પેઈન્ટિંગ જેવી કલાઓના માધ્યમથી પોતાનાં કૌશલનો પરિચય કરાવ્યો હતો. આ નિમિત્તે એક સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેના નિર્ણાયકો તરીકે ઍમ બી પટેલ સ્કૂલનાં શિક્ષક શિલ્પાબેન કક્કડ અને આર જી ગર્લ્સ સ્કૂલના શિક્ષક નારણભાઈ બારોટે પોતાની સેવાઓ આપી હતી. ભારે રસાકસીભરી સ્પર્ધા બાદ મિ. ફ્રેશર તરીકે દેવરાજસિંહ વાઘેલા અને મિસ ફ્રેશર તરીકે હિમજા પંડ્યાની પસંદગી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં દ્વિતિય વર્ષ અને તૃતિય વર્ષ બીકૉમના વિદ્યાર્થીઓ દ્વારા મનોરંજક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા દ્વારા માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ચાલુ વર્ષના વિદ્યાર્થી સંગઠનની જાહેરાત વિદ્યાર્થી સંગઠનના પ્રમુખ ડૉ. રણછોડ રથવી દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન પ્રા. હિમાંશુ ઠક્કર અને પ્રા. ભૂમિ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું.



ભારત વિકાસ પરિષદ, ગાંધીનગરની મહિલા પાંખ દ્વારા ફતેપુરા વારીગૃહ ખાતે સ્થિત શાળામાં ગૌરીવ્રત અને જયા પાર્વતી વ્રત નિમિત્તે ૫૦ બાળાઓને સૂકામેવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૨૨૦ બાળકોને પણ ફળનું વિતરણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું. મહિલા સંયોજક જિજ્ઞાસાબેન રાવલ, વિનોદિનીબેન દ્વારા આ પ્રસંગે વ્રતનું વૈજ્ઞાનિક મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું. દેવિકાબેન, જ્યોત્સ્નાબેન, મોનાબેન, છાયાબેન, રાજશ્રીબેન, વર્ષાબેન, ખ્યાતિબેન આ સેવાકાર્યમાં જોડાયાં હતાં.



**નગરસેવકની સંવેદના :** ગુરવારે સવારે ૭-૮ બસ સ્ટેન્ડ પાસે મોટરકારની ટક્કરે એક સાઈકલિસ્ટ મહિલા આવી ગયાં, પગે ફ્રેક્ચર થયું. વૉર્ડ નં. ૬ના નગરસેવક નાઝાભાઈ ઘાંઘર ત્યાંથી પસાર થતા હતા, તેમણે તાત્કાલિક ઍમ્બ્યુલન્સ બોલાવી અને જાતે ઊંચકીને મહિલાને ઍમ્બ્યુલન્સમાં શિફ્ટ કર્યાં. દશ્ય જોનારા નાગરિકોએ નગરસેવકની આ સંવેદનાને બિરદાવી હતી.

## ડૉ. સંજય કચોટ લિખિત પત્રકારત્વ-માધ્યમો પરના ત્રણ પુસ્તકોનું રાજ્યપાલના હસ્તે વિમોચન

ગાંધીનગર, તા. ૧૪

પત્રકારત્વ અને સાંપ્રત પ્રવાહોના ઊંડા અભ્યાસુ અને સમૂહ માધ્યમોના અધ્યાપન સાથે છેલ્લા પાંચ વર્ષથી આણંદ સ્થિત વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિ. સંલગ્ન ચારૂતર વિદ્યામંડળની 'ઈલસાસ' કૉલેજમાં કાર્યરત ડો. સંજય કચોટ લિખિત પત્રકારત્વ અને સમૂહ માધ્યમો વિષય પરના ત્રણ માહિતીસભર પુસ્તકોનું વિમોચન ગુજરાત રાજ્યના રાજ્યપાલ ડો. ઓ.પી.કોહલીના હસ્તે રાજ ભવન, ગાંધીનગર ખાતે તાજેતરમાં કરવામાં આવ્યું.

ડો. સંજય કચોટ લિખિત પ્રથમ પુસ્તક 'ઓગણીસમી સદીનું ગુજરાતી પત્રકારત્વ : પ્રવાહો અને પ્રભાવ' ભારતીય સંદર્ભમાં પત્રકારત્વ અને સ્વતંત્ર પૂર્વેના ગુજરાતી પત્રકારત્વની ગવાહી પૂરે છે. જેમાં કેટલાક આદરણીય પત્રકારોના યોગદાનનો સમગ્રયતા ઉલ્લેખ પણ છે. બીજું પુસ્તક 'ગુજરાતી પત્રકારત્વનું સાહિત્યિક અને સામાજિક પ્રદાન' પરનું છે. આ પુસ્તક ગુજરાતી પત્રકારત્વએ સામાજિક અને સાહિત્યિક સ્તરે



નિભાવેલી મજબૂત ભૂમિકાને ઉજાગર કરે છે. ત્રીજા પુસ્તક 'માધ્યમો સંશોધન અને વિશ્લેષણ'માં લેખકે પાછલા ત્રણ-ચાર વર્ષ દરમિયાન કરેલી માધ્યમોની મીમાંસા અને વૈશ્વિક સ્તરે પત્રકારત્વના આયામોને અલેખાતા લેખાંકોનો સંગ્રહ પુસ્તક સ્વરૂપે રજુ કર્યો છે. સરસ, સરળ અને રસાળ શૈલીમાં લખાયેલા આ પુસ્તકો પત્રકારત્વ અને માધ્યમ ક્ષેત્રે સંકળાયેલા તમામ લોકો અને પત્રકારો તથા માધ્યમોના ઈતિહાસમાં રસ ધરાવતા સહુ કોઈ વાચકો ને જરૂરથી સ્પર્શશે. સ્વતંત્રતા પૂર્વેનું ગુજરાતી પત્રકારત્વ વિષય પર ગુજરાત યુનિવર્સિટીમાંથી ડોક્ટરેટ ઉપાધિ મેળવનારા ડો. કચોટે વિવિધ અખબારોમાં પત્રકાર અને વિવિધ સ્તરે સંપાદન કાર્યમાં લગભગ દસ વર્ષની સુદીર્ઘ સેવાઓ આપી છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
૬.૩૦. ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
સુલતાન
૬.૦૦, ૯.૩૦
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
૧૨.૩૦, ૩.૩૦

**સ્ક્રીન-૩**
આઈસ એજ (અંગ્રેજી, ૩ડી)
૧.૪૫. ૫.૪૫, ૯.૪૫
આઈસ એજ (હિન્દી, ૩ડી)

**સ્ક્રીન-૪**
રોમિયો ઍન્ડ રાધિકા (ગુજરાતી)
૬.૪૫, ૯.૪૫
સુલતાન
૧૨.૦૦, ૩.૩૦

**સ્ક્રીન-૫**
સુલતાન
૨.૦૦, ૫.૧૫, ૮.૩૦
ગ્રેટ ગ્રાન્ડ મસ્તી (એ)
સવારે ૧૦.૦૦

## ૧૬ જુલાઈએ ત્રેવીસમી શનિસભા

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતી ભાષાના વિકાસ માટે સ્થપાયેલી માતૃભાષા અભિયાન સંસ્થા તરફથી બાળસાહિત્યના લેખકોના સર્જનમાં વેગ મળે તથા એનું સંવર્ધન થાય, તેનું સમૂહમાં મૂલ્યાંકન થાય તે આશયથી દર માસના પહેલા અને ત્રીજા શનિવારે "શનિસભા"નું આયોજન થાય છે. આ બેઠકમાં લેખકો પોતાની અપ્રકાશિત મૌલિક કૃતિ રજૂ કરે છે અને મુક્ત મને તેની ચર્ચા થાય છે. આ રીતે કૃતિ વધારે ઉત્કૃષ્ટ બને છે. "શનિસભા"માં બાળસાહિત્યના તમામ પ્રકારો રજૂ કરાય છે.

ત્રેવીસમી શનિસભા શનિવાર તારીખ ૧૬ જુલાઈ, ૨૦૧૬ને રોજ સવારે ૧૦:૩૦ કલાકે વી.એમ.એસ., ચિત્રકૂટ ફ્લેટ્સ, ભોંયતળિયે, સાહિત્ય પરિષદની સામે, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ મળશે. રસ ધરાવતા લેખકોને બેઠકમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવે છે.

# કૌશલ્ય વિકાસ - IITથી દેશને ઓળખાણ મળી, પરંતુ હવે દેશને ITIની જરૂર છે





(આજે 'વર્લ્ડ યુથ કૌશલ્ય દિવસ ')

આજે દુનિયા અને ટેકનીક ઝડપથી બદલાઈ રહ્યાં છે ત્યારે ટેકનિકલ, વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમની સાથે સાથે સ્થાનિક અને વૈશ્વિક અર્થતંત્ર માટે કૌશલ્યના વિકાસને મહત્વ આપી જાગૃતિ આપવા યુનાઈટેડ નેશન્સ દ્વારા ૧૫ જુલાઈને 'વર્લ્ડ યુથ કૌશલ્ય દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો છે.જેનો હેતુ વિશ્વના યુવાનોમાં સામાજિક-આર્થિક સ્થિતિ હાંસલ કરી અને બેરોજગારી ઘટાડવાનો છે.

ભારતના યુવાનોની માનસીકતા ટ્યુટોનિક, નોર્ડિક કે એન્ગ્લોસેક્શન માનસની ગુણવત્તા સમકક્ષ છે, ભારત એ યુવાન,બુધ્ધિશાળી માનસ માટે પ્લેટફોર્મ પૂરું પાડતો શ્રેષ્ઠ સ્ત્રોત છે અને તેથી જ તે વિશ્વમાં આજે એક અનોખા સ્થાને છે. જેમ ચીન દુનિયા માટે મેન્યુફેક્ચરિંગ ફેક્ટરી છે તેમ ભારત પણ માનવ સંસાધનની રાજધાની બની શકે છે. ભારતના ૬૦ કરોડ સશક્ત યુવાનોના ખભે દેશનું ભાવિ ઘડવાની ખૂબ મોટી જવાબદારી છે. અને આ યુવાન પેઢીમાં માતૃભૂમિની સેવા કરવા માટેની ઉત્કંઠા અગાઉ કરતાં વધારે છે...બસ સાહસ અને પ્રેરણા ખુટે છે. ગાંધીજી કહેતા કે: 'દરેક વિધ્યાર્થીના શિક્ષણક્રમમાં ખેતીના અને વણાટકામના સામાન્ય વ્યવહારું જ્ઞાનનો સમાવેશ થવો જોઈએ. ઓજારનો યોગ્ય ઉપયોગ જાણવાથી, લાકડું સીધું ફાડતા શીખવાથી અને ઓળંબાને રીતસર વાપરી ન પડી જાય એવી ભીંત ચણતાં આવડવાથી, તેને કંઈ પણ ખોવું નહીં પડે. આવી રીતે સજ્જ થયેલો યુવાન સંસારમાં પોતાનો રસ્તો કરવામાં પોતાને લાચાર કદી નહીં સમજે અને કદી પણ રોજગાર વિનાનો નહીં થઈ પડે.' જીવન જીવવાનું કૌશલ્ય પણ આ હસ્ત કૌશલ્યથી આવશે.

આપણા દેશની ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષ કરતાં ઓછી વયની છે. તેઓને રોજગાર ના મળે તો તે એક પડકાર બની જાય તેમ છે. અને તેથી આપણે એક એવું તંત્ર વિકસિત કરવું પડે કે જેનાથી યુવાનો રોજગાર મેળવી શકે. આ યુવાનોની પ્રતિભા અને કૌશલ્યોનો વિકાસ કરવાથી તેઓ ન કેવળ જે તે ધંધાને સમૃદ્ધ બનાવે છે પણ પોતાના જીવનને પણ સમૃદ્ધ બનાવે છે. વિનોબાજી કહેતા કે :' શિક્ષણમાં ત્રણ વસ્તુઓ મહત્વની છે : એક યોગ, બીજો ઉદ્યોગ અને ત્રીજો સહયોગ.' એરિસ્ટોટલે કીધું છે કે: 'જ્યાં તમારી પ્રતિભા અને વિશ્વની જરૂરિયાતો એકબીજાને મળે છે , ત્યાં તમારા જીવનનો હેતુ રહેલો છે.' કૌશલ્યનો વિકાસ એટલે જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો ને કેળવીને સર્જનાત્મકતાનો વિકાસ.

ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગરીબી વિરુદ્ધ જંગ શરૂ કરતાં અને દેશના સાયક્લિક ગ્રોથને વેગ આપવા ભારતમાં સ્કિલના વિકાસને નવી આંખો અને પાંખો આપી છે. ૧૫ મી જુલાઈ ૨૦૧૫ ના રોજ સૌપ્રથમ વર્લ્ડ યુથ કૌશલ્ય દિવસ પ્રસંગે કૌશલ ભારત અભિયાન શરૂ કર્યુ છે. જેનું સંકલન, અમલ અને સમગ્ર ભારતમાં સ્કિલિંગ પ્રવૃત્તિઓનું મોનીટરીંગ, કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય (MSDE) કરે છે. નવી અર્થવ્યવસ્થાની દ્રષ્ટિને ધ્યાનમાં રાખી ભારતના વડાપ્રધાને "નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ મિશન", અને ૨૦૦૯ની સ્કીલ પોલીસિ અપડેટ કરી "નવી કૌશલ્ય વિકાસ અને સાહસિકતા ૨૦૧૫ રાષ્ટ્રીય નીતિ"ની જાહેરાત કરી છે.


સ્કીલ ઈન્ડિયા યોજનામાં ખાસ કરીને પબ્લિક પ્રાઈવેટ પ્રોજેક્ટ અને રેલ્વે વિભાગ દ્વારા યુવાનોને ટ્રેનિંગ આપવા ઉપરાંત બેંક્માંથી ધિરાણ આપવાની સાથે માઈનિંગ સેક્ટરમાં ૪૫ લાખ અને સ્વાસ્થ્ય સેક્ટરમાં ૩૫ લાખ લોકોને ટ્રેનિંગ આપવામાં આવશે. ૫ વર્ષમાં ૪૦ કરોડ યુવકોને રોજગારી આપવાનો લક્ષ્યાંક છે. સરકારના તાંત્રિક વિભાગો માટે નોકરીમાં સ્કીલ ડેવલપમેન્ટ સર્ટિફિકેટ ફરજિયાત કરવાનો પણ પ્રસ્તાવ છે. જે વિસ્તારમાં જે ઉધોગોનો વિકાસ થયો હોય તેને અનુરૂપ કૌશલ્યનો વિકાસ કરવો. દા.ત. ટુરિઝમ વાળા વિસ્તારમાં વિવિધ ભાષાની તાલિમ, ડ્રાઈવિંગની તાલિમ, ગાઈડની તાલિમ વિગેરે.

રાષ્ટ્રીય સ્તરે કેન્દ્ર સરકારનું લક્ષ્ય ૨૦૨૨ સુધી ૪૦.૨ કરોડ લોકોને સ્કિલ બેજ્ડ તાલિમ આપી કૌશલ્યના વિકાસનો છે. તેને કેન્દ્રમાં રાખીને હાલના ગુજરાતના મુખ્યમંત્રી નવી કેડી કંડારી રહ્યા છે. ગુજરાતમાં અનેક ઉધોગો સાથે કરારો થયા છે. રાજયમાં મલ્ટીનેશનલ કંપનીઓએ ઉધોગો સ્થાપવાની શરૂઆત કરી છે ત્યારે તેને અનુરૂપ સ્કિલ આપવાનો સમય આવ્યો છે. જેથી આ કરારોનો લાભ સાચા અર્થ રાજયના યુવાનોને મળી રહે. રોજગારીના ક્ષેત્રમાં પ્રબુદ્ધ, કુશળ અને પરિશ્રમી માનવબળની ઉપલબ્ધિ થાય, લઘુ, કુટિર અને મોટા ઉધોગો વિકાસ પામે અને પરિણામે રોજગાર-સ્વરોજગારની દિશાઓ વિસ્તરે અને ગુજરાતનો બહુપાંખિયો વિકાસ થાય એટલા માટે ગુજરાતે સ્કિલના વિકાસ માટે સઃવિશેષ ચિંતા સેવી અને આ ક્ષેત્રના ચિંતકોને ગુજરાતની ધરતી ઉપર નિમંત્રણ આપી શ્રેષ્ઠ સહચિંતન કરવા અને સાથો સાથો તેનો આ ચિંતનનો સંદેશો દુનિયાને પહોંચાડ્યો છે. ગુજરાતમાં સ્કિલ યુનિવર્સિટી, ગુજરાત સ્કિલ ડેવલોપમેન્ટ મિશન જેવી સંસ્થાઓ કૌશલ્યના વિકાસ કરવા સાથે સંકળાયેલ છે. જ્યાં પુસ્તકની કેળવણીની સાથે સાથે મસ્તકની કેળવણી-મોરલ-આત્મબળ વધારવાની તાલિમ આપવામાં આવે છે. જીવન કૌશલ્યોનું ઘડતર કરવામાં આવે છે. તેવી ૭૭૯ જેટલી સરકારી અને ખાનગી ઔધોગિક તાલિમ સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે. જેમાં તાલિમાર્થીઓને કલમ-ઓજાર-કોમ્પ્યુટર-કૌશલ્યના સમન્વયથી શરીર-મન-આત્માના શ્રેષ્ઠ અંશોને બહાર કાઢવાનો ઉધમ સવારે સાત વાગ્યાથી લઈ સાંજે આઠ વાગ્યા સુધી અવિરત થાય છે. તાલિમાર્થીઓને લોખંડ, પોલાદની સાથે કામ કરતાં કરતાં ભીતરમાં રહેલ ' આંતરિક પોલાદ'નું નિર્માણ કરી શકે તેવું શિખવવામાં આવે છે. ઉપરાંત, ગાંધીયુગમાં ગાંધીજીના સર્વોદય-વિચાર ની જેમ આજના યુગની વિભીષિકામાંથી છૂટવા માટેનો ઉપાય ગામડાના લોકોમાં રહેલી ક્ષમતા, પ્રતિભા અને કૌશલ્યો બહાર લાવવાનો છે.

ગામડાના લોકોમાં કૌશલ્યનો વિકાસ કરવા અને તેમને ઘર આંગણે તાલિમ મળી રહે તે માટે ગુજરાતમાં ૫૦૦ જેટલા કૌશલ્ય વર્ધન કેન્દ્રો (કે.વી.કે) મળીને આશરે ૮૩૦૮૪૧ લોકોને તાલીમ આપીને તેમના કૌશલ્યોનો વિકાસ કરવામાં આવે છે. જેને લીધે ઉધોગો, દેશ અને તેને કારણે વૈશ્વિક અર્થતંત્રનો વિકાસ થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે: 'IITથી દેશને ઓળખાણ મળી, પરંતુ હવે દેશને ITI ની જરૂર છે.'

સ્કિલ ક્ષેત્રે આકર્ષણ વધારવા અને તેને મૂલ્યનિષ્ઠ બનાવવા માટે શિક્ષકો, નીતિ ઘડવૈયાઓ , ઉદ્યોગ, અને અન્ય સંસ્થાઓ સાથે મળીને કામ કરવાથી જ 'રાષ્ટ્રીય અર્થતંત્ર વિકાસ મિશન' - ૨૦૨૦ સુધીમાં આપણે સાકાર કરી શકીશું.

સાથે સાથે એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે તાંત્રિક તાલિમનો વ્યાપ અને વિસ્તાર વધારવાની સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણની સંકલ્પના સાકાર થાય છે કે કેમ? અનુભવથી એવુ સિધ્ધ થયેલ છે કે વિસ્તાર વધારવાની સીધી અસર ગુણવત્તા ઉપર પડે છે.





## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

**'મારી સ્નેહાળ સખી'**